સરકારી ઇજનેરી કોલેજો માં સહાયક પ્રાધ્યાપક અને પોલીટેકનીકોમાં વ્યાખ્યાતાની કરારના ધોરણે નિમણૂંક માટેની પસંદગી અંગેની જાહેરાત

**કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક નં.૨, બીજો માળે, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

ગુજરાત રાજ્યના ટેકનીકલ શિક્ષણ ખાતાના નિયંત્રણ હેઠળની સરકારી ઇજનેરી કોલેજો ખાતે સહાયક પ્રાધાપક તરીકે રૂ.૩૦,૦૦૦/- તથા સરકારી પોલીટેકનીકો ખાતે વ્યાખ્યાતા તરીકે રૂ. ૨૫,૦૦૦/-ના માસિક ફીક્સ પગારથી જુદી જુદી વિધ્યાશાખાની ખાલી જગ્યાઓ માટે **કરારના ધોરણે ૧૧ માસ અથવા આ જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નિયમિત નિમણૂંકથી ભરાય તે બે માંથી જે વહેલું હોય તેટલા સમય માટે** ભરતી કરવા અન્વયે પસંદગી પ્રક્રિયા હાથ ધરવા જાહેરાત આપવામાં આવે છે. આ જગ્યા માટેની જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોને **http://ojas.guj.nic.in** તથા **http://ojas1.guj.nic.in** પર તેમાં દર્શાવેલ વિગતો અન્વયે ઑન લાઇન અરજી કરવા જણાવવામાં આવે છે. સદરહુ પસંદગી પ્રક્રિયા અંગેની વિસ્તૃત માહિતી ઉપરોક્ત જણાવેલ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**ઑન લાઇન ફોર્મ ભરવાનો સમયગાળો** :તા.૧૬/૦૮/૨૦૧૩ (૧૨:૦૦ કલાક) થી તા.૨૫/૦૮/૨૦૧૩(૨૩:૫૯ કલાક) સુધી

**વય મર્યાદા** : ૩૫ વર્ષ (SC, ST તથા SEBC કેટેગરીના ઉમેદવારો તેમજ સરકારી / અર્ધ-સરકારી નોકરીમાં ચાલુ ઉમેદવારો માટે પાંચ વર્ષની છૂટછાટ)

**શૈક્ષણિક લાયકાત તથા વય મર્યાદા માટેની Cut-off તારીખ**: ૩૧/૦૭/૨૦૧૩

**પસંદગી પ્રક્રીયા** : માન્ય યુનિવર્સિટીની શૈક્ષણિક લાયકાત અંગેની પદવીના ઠરાવેલ મેરીટના ધોરણે

**લઘુત્તમ શૈક્ષણિક લાયકાત :**

- વ્યાખ્યાતા (પોલીટેકનીક) : (૧) ઇજનેરી /ટેકનોલોજી વિધ્યાશાખાઓ માટે : સંબંધિત વિધ્યાશાખામાં ઇજનેરી સ્નાતક અથવા અનુસ્નાતક પૈકી કોઇ એકમાં પ્રથમ વર્ગની પદવી જરૂરી (૨) હ્યુમીનીટી / સાયન્સ વિષયો માટે : સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પદવી તે પૈકી સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ કોઇ એકમાં પ્રથમ વર્ગ જરૂરી
- સહાયક પ્રાધ્યાપક (ઇજનેરી કોલેજ) : (૧) ઇજનેરી /ટેકનોલોજી વિધ્યાશાખાઓ માટે : સંબંધિત વિધ્યાશાખામાં ઇજનેરી સ્નાતક અને અનુસ્નાતકની પદવી (પ્રથમ વર્ગની પદવી ઇજનેરી સ્નાતક અથવા ઇજનેરી અનુસ્નાતક કક્ષાએ જરૂરી) (૨) હ્યુમીનીટી / સાયન્સ વિષયો માટે : સંબંધિત વિષયમાં પીએચ.ડી.ની પદવી જરૂરી
- સંબંધિત વિધ્યાશાખા તેમજ સંલગ્ન વિધ્યાશાખાની વિગતો ઉપરોક્ત વેબસાઇટ પર દર્શાવેલ છે.

ખાસ નોંધ :

**(૧)** ઉમેદવાર માટે જરુરી સુચનાઓ ઉપરોક્ત NICની વેબસાઈટ અને CTEની વેબસાઈટ (http://dte.gswan.gov.in) પર મુકવામાં આવેલ છે. ઑન લાઇન અરજી કરનાર ઉમેદવારે મેળવેલ શૈક્ષણિક લાયકાતની માન્ય યુનિવર્સિટી દ્વારા અપાયેલ પદવીના વર્ગ માટે પાત્ર ટકાવારી દર્શાવવાની રહેશે. માન્ય યુનિવર્સિટી દ્વારા અપાયેલ પદવીને પાત્ર CPI / SPI / Percentage / Grade ને સંલગ્ન યુનિવર્સિટીના ધોરણો મુજબ ગણતરી કરી પદવી માટે માન્ય આખરી ટકાવારી દર્શાવવાની રહેશે.

**(૨)** એક કરતા વધુ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારે અલગ અલગ અરજી કરવાની રહેશે.

**(3)** પસંદગી પ્રક્રિયાનો કાર્યક્રમ NIC / CTEની વેબસાઇટ પર મુકેલ છે. પસંદગી માટે કટ-ઓફ માર્કસથી ઉપરના ઉમેદવારોને SMS/વેબસાઈટના માધ્યમથી સુચિત કરવામાં આવશે. વિધ્યાશાખાદીઠ કટ-ઓફ માર્કસની વિગતો ઉક્ત વેબસાઈટ ઉપર તા. ૨૭/૦૮/૨૦૧૩ ના રોજ મુકવામાં આવશે. જે ધ્યાને લઈ ઉમેદવારે મુલાકાતના સમયે જરુરી અસલ દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. ઉમેદવારોએ ઉક્ત બાબતની અરજી દરમ્યાન તેમજ બાદમાં કાળજી રાખવાની રહેશે.

**(૪)** ચકાસણી દરમ્યાન ઉમેદવારે ઑન લાઇન ભરેલ માહિતીમાં ક્ષતિ (incorrect) જણાશે તો ઉમેદવારની અરજી ચકાસણી બાદ રદ ગણવામાં આવશે.

**(૫)** કરાર આધારિત વિધ્યાશાખાવાર ભરવાની થતી જગ્યાઓની સંખ્યાના આશરે ૩ ગણા ઉમેદવારોને બોલાવવામાં આવશે અને જેની એક હ્યુમન રીસોર્સ બેંક બનાવવામાં આવશે. શિક્ષણ વિભાગની કરાર આધારિત ભરતી કરવા બાબતે મંજુરી મળ્યા બાદ આ હ્યુમન રીસોર્સ બેંકમાંથી ખાલી જગ્યાઓની સંખ્યાના પ્રમાણમાં/જરુરિયાત મુજબ નિમણુંક આપવામાં આવશે.ઉમેદવારની નિમણૂંક બાબતે આખરી નિર્ણય આ કચેરીને અબાધિત રહેશે.

(૬) અગાઉ ઓક્ટોબર-૨૦૧૨ અને માર્ચ-૨૦૧૩ માં કરારના ધોરણે નિમણુંક પામેલ સહાયક પ્રાધ્યાપકો/વ્યાખ્યાતાઓને ૧૧ માસની મુદત પુરી થતાં અથવા ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી ઉમેદવાર ઉપલબ્ધ થાય એ બે માંથી જે વહેલું હોય તે મુજબ મુદત પુરી થતાં સેવામાંથી ફરજ મુક્ત કરવામાં આવશે. આથી આવા સહાયક પ્રાધ્યાપકો/વ્યાખ્યાતાઓએ પણ નવેસરથી અરજી કરીને પસંદગી પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. મેરીટ અનુસાર તેમની પસંદગી થયેથી નિમણુંક બાબતે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**કમિશનર, ટેકનીકલ શિક્ષણ**